# પ્રકરણ - (૫)

## નાટ્યશાસ્ત્રના સમાન્તર ગ્રંથોમાં અભિનય વિચારણા :

અધ્યાય-૧ માં નાટ્યશાસ્ત્રનો રચના સમય ઇ.સ.પૂર્વે ૫ મા શતકથી ઇ.સ.ના બીજા શતક સુધીનો ગાળો તારવવામાં આવ્યો છે. આ સમયગાળા દરમ્યાન રચાયેલા અન્ય ગ્રંથોમાં થયેલી અભિનય સંબંધી વિચારણા અને રજૂ કરવાનો ઉપક્રમ છે. આ ગ્રંથોને તેમના રચના સમયના ક્રમમાં તપાસવામાં આવ્યો છે જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | ગ્રંથ | રચના સમય |
|---|---|---|
| ૧) | બૌધ્ધ જાતક સાહિત્ય | ઇ.સ.પૂર્વે ત્રીજા શતક પહેલાંનો |
| ૨) | કૌટિલ્યનું અર્થશાસ્ત્ર | ઇ.સ.પૂર્વે ત્રીજા શતકથી ઇ.સ.નો પહેલો સૈકો |
| ૩) | પતંજલિનું મહાભાષ્ય | ઇ.સ.પૂર્વે ૨૦૦ |
| ૪) | વાત્સ્યાયનનું કામસૂત્ર | ઇ.સ.૩૦૦ |

### બૌધ્ધ જાતક સાહિત્ય

બૌધ્ધ જાતકોનો રચનાકાળ ઇ.સ.પૂર્વે ત્રીજા શતક પહેલાંનો માનવામાં આવ્યો છે. જાતક કથાઓમાં નટ અને નાટક બંને શબ્દો વિભિન્ન સંદર્ભોમાં પ્રયોજાયેલા જોવા મળે છે. એટલે ઇ.સ.પૂર્વે ત્રીજા શતક પહેલાં નાટ્યકળાનો વિકાસ થઇ ચૂકયો હોવાનું અનુમાન થઇ શકે. જાતકકથા પુસ્તક ૨૭ કથા ૩૨ માં કોઇ બૌધ્ધ સાધુ પૂર્વાવસ્થામાં નટ હોવાની કથા છે. એક અન્ય કથામાં એક વારાંગના, ગુમ થઇ ગયેલા પોતાના યારને શોધવા નટોને બોલાવી કહે છે કે - તુમ્હાકં અગમનટ્ઠાનં નામ ન અત્થિ । તુમ્હે ગામનિગમરાજધાનીયો

ગન્ત્વા સમજ્જં નિ ખટં સિક્ખાપેનિ અર્થાં '' તમે ન જાઓ એવી એકે જગ્યા નથી; તમે ગામો, શહેરો અને રાજધાનીઓમાં જઇને 'સમાજ' કરીને 'સમાજ મણ્ડલ'માં સૌથી પહેલું આ ગીત ગાજો - આ પ્રમાણે નટ શીખવાડે છે.'' કાર્ય શરુ કર્યા પહેલા અમુક ગીત ગાવાનો નટોમાં રિવાજ હશે એવું અનુમાન કરીએ તો આ 'નટકાર્ય' નાટક હોવાનો સંભવ છે. પ્રો.દેવદત્ત ભાણ્ડારકર 'સમાજ'નો અર્થ 'પ્રેક્ષાગાર' કરે છે. શ્રી એન.જી. મજમુદાર કણેવર જાતકમાં સમજ્જં કત્વા નો અર્થ 'નાટક કરવું' એવો થાય છે અને સમજ્જમણ્ડલ નો અર્થ રંગભૂમી થાય છે એવા ઉલ્લેખોના આધારે સમાજ એ થીએટર' theatre ના અર્થમાં પારિભાષિક શબ્દ હોવાનું જણાવે છે. આ જાતના 'નટ સમાજ' અને 'નટ' કે 'નાટક'ના ઉલ્લેખો બીજા જાતકોમાં મળે છે. ૫૩૮ માં જાતકમાં એક બાળકને લોભાવવાના ઉપાય તરીકે 'નટસમાજ' કરવાનો ઉલ્લેખ છે. વળી ૫૪૩ માં જાતકની છઠ્ઠી કથામાં નાટકે એટલે 'નાટકો' જોઇ નાગ શરમાય છે એવો ઉલ્લેખ છે. કેટલીક જાતક કથાઓમાં નાટક કરવાનું સ્પષ્ટ કથન હોય એવા ઉલ્લેખો પણ મળી આવે છે. રાજા પુત્તં રજ્જે અભિસિઞ્ચિત્વા નાટકાનિ રસ પચ્ચુપટ્ઠા પેસ્સામાનિ સાસનં પેસેસિ । (જાતક ૪૫૮) અર્થાત્ 'રાજા પુત્રનો રાજ્યાભિષેક કરી' એને માટે નાટકો કરાવું ' એમ વિચારી હુકમ મોકલાવે છે. વળી અન્યત્ર એવો ઉલ્લેખ છે કે અથ રસ સોલ સવસ્સકાલે રાજા રજ્જં દાતુકામો દેવીં આમન્તેત્વા' ભદ્દે પુત્તરસ તે રજ્જં દત્વા નાટકાનિ ઉપટ્ઠપેસ્સામ ।' અર્થાત હવે સોળમાં વરસે રાજય આપવાની ઇચ્છાવાળો રાજા દેવીને બોલાવીને કહે છે કે ભદ્દે, તારા પુત્રને રાજય આપી આપણે નાટકો કરાવીએ.

ઉપરોક્ત સામગ્રી જાતક કાળમાં નાટકની હયાતી હોવાનું તેમજ 'સમાજ'માં નાટકો ભજવાતા હોવાનો નિર્દેશ કરે છે.

## બૌદ્ધ ગ્રન્થ 'લલિત વિસ્તર'

ઇ.સ.ના પહેલા અથવા બીજા શતકમાં રચાયેલા બૌદ્ધ ગ્રન્થ 'લલિતવિસ્તર'માં

૯૩ પ્રકારની કળાઓ ગણાવવામાં આવી છે. તેમાં મુદ્દા અર્થાત હાથ અથવા આંગળી વડે જુદી જુદી આકૃતિઓ બનાવવી, નૃત્યમ્ અર્થાત નૃત્ય, ગીતમ્ અર્થાત ગાન, લાસ્યમ્, અર્થાત્ સુકુમાર નૃત્ય, નાટ્યમ્ અર્થાત નાટક વિડમ્બિતમ્ બીજાનું વ્યંગ્યાત્મક અનુકરણ, વિગેરે નૃત્ય નાટ્ય અને ગાયનકળા સંબંધી ઉલ્લેખો મળે છે. અન્યત્ર પણ 'નાટકની' ભજવણીના ઉલ્લેખો મળે છે. રાજગૃહમાં બુધ્ધની સામે તેમના પટ્ટ શિષ્યો મૌદ્ગલાયન અને ઉપતિસ્યએ પોતાની નાટ્યકળા બતાવી એવું વિધાન મળે છે. બુધ્ધ બનતાં પહેલાં ગૌતમે પોતાના દિગ્દર્શન હેઠળ રાજગૃહમાં નાટક રજૂ કર્યું એવું વિધાન પણ છે. કુવલય એ જમાનાની વિખ્યાત અભિનેત્રી હોવાનું પણ લલિતવિસ્તરમાં કથન છે.

## કૌટિલ્યનું અર્થશાસ્ત્ર

કૌટિલ્યના અર્થશાસ્ત્રનો સમય વિધ્વાનોએ ઇ.સ.પૂર્વે ત્રીજાથી ઇ.સ.ના પહેલા સૈકાનો માન્યો છે.

આચાર્ય કૌટિલ્યનું અર્થશાસ્ત્ર એ મૌર્યકાલીન ભારતનો સર્વસંગ્રહ છે તેમાં અન્ય વિષયો ઉપરાંત મૌર્યકાળની તેમજ તે પહેલાંના સમયની કળાસંસ્કૃતિનો પ્રમાણભૂત અહેવાલ જોવા મળે છે. અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવાથી જણાય છે કે તે સમયે રાજ્ય તરફથી સર્વ પ્રકારની કળાઓના અધ્યયન અને મંચનની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવતી. અધ્યક્ષ-પ્રચાર-અધિકરણ અધ્યાય ૪૧ માં કૌટિલ્ય જણાવે છે કે '' રાજાએ ગણિકા, દાસી તથા રંગમંચ ઉપર અભિનય કરી જીવનનિર્વાહ કરનારી સ્ત્રીઓને ગાયન, વાદન, નર્તન, અભિનય (નાટ્યમ્), વાંચવું, લખવું, (પાઠય, અક્ષર) ચિત્રકામ (ચિત્ર) વીણાવાદન, વેણુવાદન, મૃદંગવાદન વિગેરે કળાઓ શીખવાડવા માટે આચાર્યો નિયમ જોઇએ તેમજ તેની પાછળ થતો ખર્ચ રાજ્યએ ભોગવવો જોઇએ.''

આચર્ય કૌટિલ્યએ નટ (અભિનેતા) નર્તક, ગાયક, વાદક (કુશીલવ) વાગ્જીવ (કથાકીર્તન કરનારા ) પ્લવક (દોરડા પર ચાલનારા) સૌભિત્ર (જાદૂગરો) તથા ચારણ વિગેરેના સમાવેશ ગુપ્તચરોમાં કર્યો છે. કલાકારોની આ મંડળીઓ ગાઈ વગાડી નૃત્ય કરી પોતાનું ગુજરાન ચલાવતી. આ મંડળીઓ એક રાજ્યથી બીજા રાજ્યમાં પ્રવેશી શકતી પણ તે પહેલાં તેમણે પૂર્વનિર્ધારિત રાજ્યકર( entertainment tax ) ભરવો પડતો જે પ્રત્યેક પ્રયોગ માટે પાંચ પણ નક્કી કરવામાં આવ્યો હતો. (કૌટિલ્ય અર્થશાસ્ત્ર - ૧/૭/૧૧/૩, ૧/૧૩/૧૭/૧, ૪/૭૯/૪/૨)

તે સમયમાં કળાઓના પ્રચાર-પ્રસાર તેમજ આયોજન માટે કેટલાક ચુસ્ત નિયમો હતાં. રાષ્ટ્રની આર્થિક અને સામાજિક વિકાસમાં અવરોધક ન બને તથા સમાજ તેને વિલાસના સાધન તરીકે ન અપનાવે તે માટે કળાઓના પ્રચાર પ્રસાર ઉપર કેટલાક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતાં. કૌટિલ્ય સ્પષ્ટપણે જણાવે છે કે નાટ્યગૃહ, વિહારસ્થાનો તથા ક્રીડા શાળાઓ ગામમાં બાંધવા ન જોઈએ. નટ, નર્તક, ગાયક, વાદક, વાગ્જીવી, અને કુશીલવોએ ગામમાં પોતાના ખેલ બતાવી ખેતીકામ વિગેરે કાર્યોમાં વિઘ્ન નાખવું ન જોઈએ.

નટનર્તન ગાયનવાદક વાગ્જીવનકુશીલવા: કર્મવિઘ્ન ન કર્યુ: ।

કૌટિલ્ય લખે છે કે ગામમાં નાટ્યશાળા ન હોય તો ગ્રામવાસીઓ ખેતીકામમાં પલોટાયેલા રહે છે અને એથી રાજ્યની તિજોરી સદા ભરેલી રહે છે અને રાષ્ટ્રની સમૃધ્ધિ વધે છે. વર્ષાઋતુ દરમ્યાન કુશીલવોએ એકજ સ્થળે રહેવું જોઈએ એવું વિધાન પણ મળે છે. દેશમાં કલાકારો અને તેમની કલા પરંપરા જીવતી રહે તે માટે રાજ્ય તરફથી કલાકારોને નિયમિત વેતન મળવું જોઈએ એવું વિધાન કૌટિલ્ય કરે છે. રાજાએ પ્રત્યેક

નટ-નર્તક-ગાયક વિગેરેને ૨૫૦ પણ તથા જે ઉત્તમ હોય તેને ૫૦૦ પણ વેતન રુપે ચુકવવા જોઈએ.

મૌર્યકાળમાં નૃત્યકળાનો વિશેષ વિકાસ થયો હોવાનું જણાય છે. દેવની ઉપાસના માટે નર્તન કરતી દેવદાસીઓનો ઉલ્લેખ છે તો આજીવિકા અર્થે રંગમંચ ઉપર નર્તન કરતી નૃત્યાંગનાઓનો ઉલ્લેખ પણ છે. જો કે નૃત્યકળા કેવળ દેવદાસીઓ કે ગણિકાઓ પૂરતી મર્યાદીત નહોતી. ભદ્રસમાજના લોકો પણ નૃત્યની તાલીમ લેતા અને જાહેર નાટ્યપ્રયોગોમાં સહકાર આપતાં. કૌટિલ્ય આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવે છે કે જે વ્યકિતએ જાહેર નાટ્યપ્રયોગના આયોજનમાં ફાળો આપ્યો ના હોય અને તે જો જાહેર નાટ્યપ્રયોગ- Public play or spectacle - જોવા બેસે તો તેની પાસેથી બમણી રકમ વસુલ કરવી. પ્રેક્ષાયામનંશદ : સ્વસ્વંજનો ન પ્રેક્ષેત । પ્રચ્છન્ન શ્રવણે ક્ષણે ચ નિગ્રહેસ દ્વિગુણમંશં દદ્યાત્ । અહીં જોવું, સાંભળવું બન્ને શબ્દો પ્રયોજાયા છે. જે દૃશ્ય શ્રાવ્યના સુચક છે. આમ કૌટિલ્યના અર્થશાસ્ત્રના આધારે કહી શકાય કે મૌર્યકાળમાં એટલે કે ઇ.સ.પૂર્વે ચોથા શતકમાં નૃત્ય અને નાટ્ય બે વિભિન્ન કળાઓ ગણવામાં આવતી. નટ અને નર્તક બે ભિન્ન શબ્દ પ્રયોગોના આધારે શ્રી રસિકલાલ છો.પરીખ જણાવે છે કે '' અહીંયા નટ એટલે નાટક ભજવનાર એવો અર્થ લેવો ઘટે છે કારણ કે એને મળતા બીજા કામ માટે જુદા જુદા શબ્દો આપ્યા છે. (સંસ્કૃત નાટક સાહિત્ય પૃ.૨૧)

<u>પતંજલિ કૃત મહાભાષ્ય</u>

પતંજલિના મહાભાષ્યનો રચનાકાળ ઈ.સ.પૂર્વે ૨૦૦ માનવામાં આવ્યો છે. મહાભાષ્યકાર પતંજલિએ આ મહાગ્રન્થમાં તત્કાલીન ભારતની સામાજિક, સાંસ્કૃતિક અને

ધાર્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે કલાત્મક અભિરુચિનું પણ નિદર્શન કરાવ્યું છે.

રામાયણ-મહાભારતના કાળ સુધી (ઇ.સ.પૂર્વે ૫૦૦) નૃત્ય, ગીત, વાદ્ય અને ચિત્ર વિગેરે કલાઓનો વેદાંગકાલીન માન્યતા પ્રમાણે 'શિલ્પ'માં સમાવેશ કરવામાં આવતો ભાષ્યકાર પતંજલિના સમયમાં (ઇ.સ.પૂર્વે ૨૦૦) સુધી નૃત્ય અને વાદ્ય, શિલ્પની સીમામાંથી બહાર નીકળી સ્વતંત્ર કળા તરીકે સ્થાપિત થઇ ચૂકી હતી. નર-નારીઓ દ્વારા થતા નૃત્યને આનંદના હર્ષના અતિરેકનો વિષય માનવામાં આવ્યો. (મહાભાષ્ય ૭/૩/૮૭)

પતંજલિએ ગાત્ર વિક્ષેપણાર્થક નૃત ધાતુમાંથી નૃત્ય શબ્દની વ્યુત્પત્તિ સ્વીકારી છે. આઅર્થમાં નૃત્યનો અર્થ તેમણે માનવેતર પશુ પક્ષીઓની ક્રિયાઓ માટે પણ સ્વીકાર્યો છે. નૃત્ય શબ્દનો વ્યાપક અર્થ પતંજલિએ આપ્યો છે. મહાભાષ્ય (૭/૩/૮૭) માં તેઓ લખે છે: પોતાની પ્રિયતમાને નિહાળીને મોર નાચે છે. - તથા પ્રિયાં મયૂર: પ્રનર્ત્તતીતિ ।

મહાભાષ્યમાં નટ-નર્તક, રંગમંચ તથા નાટ્યાભિનય વિશે સારા એવા પ્રમાણમાં માહિતિ મળે છે. મહાભાષ્ય (૨/૪/૭૭, ૨/૧/૬૯) માં જણાવ્યું છે તેમ નટ સંગીતજ્ઞ તથા સર્વકેશી અર્થાત્ તેમના માથામાં લાંબાવાળા અને દાઢીમુછ રહેતાં. તેઓ ક્યારેક નારી પાત્રો પણ ભજવતા અને ત્યારે કૃત્રિમ કેશ-સ્તન ધારણ કરતાં. પતંજલિ આ અર્થમાં તેમને ભ્રુકુંશ નામ આપ્યું છે.

~~મહાકાવ્ય~~ મહાભાષ્ય (૩/૧/૨૬) માં નટ માટે શોભનિક શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. પાત્ર પ્રમાણે મુખરાગ, પ્રસાધન તથા ભાવાભિવ્યંજન રજૂ કરવાને લીધેજ નટને શોભનિક કહેવામાં આવ્યો છે. નટ કંસનો અભિનય કરતી વખતે જે મુખરાગ ધારણ કરતો તેના કરતાં જુદોજ મુખરાગ રામની ભૂમિકા ભજવતી વેળા ધારણ કરતો એવો પણ ઉલ્લેખ છે.

નટ અને નર્તક વચ્ચે ખાસ અંતર નહોતું, પણ આ બંનેની અલગ અલગ શ્રેણીઓ

હતી. મહાભાષ્ય (૪/૧/૧૧૪) માં જણાવાયું છે તે પ્રમાણે નટ નો પ્રયોગ અભિનેતા માટે કરવામાં આવતો. નટની સ્ત્રીને નટી કહેવામાં આવતી. નટને અભિનેતા કહેવામાં આવતો તેથી નટીને અભિનેતૃ પણ કહેવામાં આવતી. તેમના સંતાનોને નાટેર નામ આપવામાં આવતું. નર્તક અને નર્તકી નટ-નટીથી ભિન્ન શ્રેણીના રહેતા. નૃત્યક્રિયાના સંદર્ભમાં તેમને આ નામ આપવામાં આવ્યા હતાં. નૃત્યકળામાં મેળવેલી પારંગતતાના આધારે નર્તક-નર્તકિતા, નર્તકતર-નર્તકિતરા અને નર્તકતમ-નર્તકિતમા વિગેરે વિવિધ શ્રેણીઓ બની (મહાભાષ્ય ૬/૩/૪૨)

પતંજલિના સમય સુધીમાં નટ-નટીઓની સરખામણીમાં નર્તક નર્તકીઓનું સ્થાન સમાજમાં વધારે ઊંચુ માનવામાં આવતું. નટ-નટીઓની પ્રતિષ્ઠા સમાજમાં ઓછી હતી. રંગમંચ ઉપર જતી નટીઓને જ્યારે લોકો પૂછતાં કે 'તુ કોની ?' ત્યારે નટીઓ જવાબ આપતી 'તમારી, તમારી'.

નટાનાં સ્ત્રિયો, રંગં ગતા યો ય: પૃચ્છતિ 'કસ્ય યૂયં કસ્ય યૂયમિતિ તં 'તવ, તવ' ઇત્યાહુ: મહાભાષ્ય ૬/૧/૨) અહીં રંગ શબ્દ રંગમંચના સંદર્ભમાં પ્રયોજાયો છે. આ ઉપરાંત અન્ય સ્થળોએ પણ રંગ શબ્દ રંગમંચ તથા નાટ્યાભિનયનો વાચક બની રહે છે. (મહાભાષ્ય ૧/૪/૧૯, ૩/૧/૨૬, ૬/૧/૨) જે પતંજલિના સમય સુધીમાં રંગમંચનો પર્યાપ્ત માત્રામાં વિકાસ થયો હોવાનું સૂચન કરે છે. નટો દ્વારા રંગમંચ પર નાટકોનો અભિનય થતો હોવાના ઉલ્લેખો પણ મળે છે. મહાભાષ્ય (૩/૧/૨૬) માં કંસવધ અને બલિબન્ધ નામના નાટકોના પ્રયોગની (અભિનય) ચર્ચા મળી આવે છે.

'' ઇહ તુ કથં વર્તમાનકાલતા - કંસં ઘાતયતિ, બલિં બન્ધયતીતિ । ચિરહતે કંસે, ચિરબન્ધે ચ બલૌ । અત્રાપિ યુક્તા । કથમ્ । યે તાવદેતે શૌભિકા નામ તે પ્રત્યક્ષં કંસં ઘાતયન્તિ પ્રત્યક્ષં ચ બલિં બન્ધયન્તીતિ । (મહાભાષ્ય ૩/૧/૨) અર્થાત ' કંસને મરાવે છે, બલિને બંધાવે છે' એમાં લાંબા વખત પહેલા મરાયેલા કંસ માટે અને બંધાયેલા બલિ માટે

અહીંયા શી રીતે વર્તમાનકાળ ? અહીં યોગ્ય છે. કેવી રીતે ? આ જે શૌભિકો છે તે કંસને પ્રત્યક્ષ મરાવે છે અને બલિને બંધાવે છે.' કહેવાનુ તાત્પર્ય એ કે કંસની હત્યા અને બલિની ધરપકડ એ તો ભૂતકાળમાં બનેલી ઘટના હોવા છતાં તેના માટે ઘાતયતિ અને બંધયતીતિ એવા વર્તમાનકાળના રુપ શા માટે પ્રયોજવામાં આવ્યા છે. કંસની હત્યા અને બલિની ધરપકડના પ્રસંગો પ્રત્યક્ષ અર્થાત સાક્ષાત આંખની સામે પ્રત્યક્ષરુપે શૌભિકો/શોભનિકો ધ્વારા રજૂ થતા હોવાથી તેમના માટે વર્તમાનકાળ પ્રયોજવો સાર્થક છે એવું પતંજલિનું વિધાન છે. કંસવધ અને બલિબન્ધની પ્રત્યક્ષ રજૂઆતના ઉલ્લેખ પરથી પતંજલિના સમયમાં 'કંસવધ' અને 'બલિબન્ધ' એ નામના નાટ્યપ્રયોગો થતા હશે એવું સ્પષ્ટ થાય છે. મહાભાષ્યમાંના આ અવતરણના સંદર્ભમાં ડો. રાઘવન શૌભિક/શોભનિક ધ્વારા ભજવાતા આ દ્રશ્યને શબ્દોની મદદ વિના આંગિક ચેષ્ટાઓ વડે રજૂ થતી કથા કહી શોભનિક-શૌભિકનો અર્થ નટ કરે છે. ( The Sanskrit Drama and performance પૃ.૧૪ ) ડો.દાસગુપ્તા કૈયટના મતના આધારે શૌભિકોને નટોના વ્યાખ્યાનોપાધ્યાય્ અર્થાત નટોને સાક્ષાત્ અભિનયની તાલીમ આપનારા શિક્ષકો કહયા છે. કૃષ્ણએ કંસનો વધ કેવી રીતે કર્યો અને બલિને સાંકળોથી કેવી રીતે બાંધ્યો તે નટોને કરી બતાવનાર-તેનું પ્રત્યક્ષ નિદર્શન આપનારા ઉસ્તાદો કહયા છે. શ્રી કે.કા.શાસ્ત્રી તેને 'શોભનિકો ધ્વારા ભજવાતા કંસવધ અને બલિબંધના પ્રયોગોનું વર્ણન' ગણી શોભનિકોનો અર્થ નટ સૂચવે છે. શ્રી વાચસ્પતિ ગૈરોલા આજ અવતરણમાં ગ્રન્થિક ધ્વારા થતા વર્ણન તથા ચિત્રદર્શનના સંદર્ભમાં વિધાન કરે છે કે આજની જેમ ત્યારે પણ રંગમંચની સજ્જા માટે પડદા તથા નાટ્યશાળાની ભીંતો વિવિધ કલાત્મક દ્રશ્યોથી ચિતરવામાં આવતી. આ દ્રશ્યો મોટે ભાગે રંગમંચ પર ભજવાતી ઘટનાઓને આધારે દોરવામાં આવતા. તેઓ ગ્રન્થિક એ આજે જેને

આપણે પ્રોમ્પટર અર્થાત 'પાર્શ્વપઠનક' કહીએ છીએ તેના અર્થમાં પ્રયોજાયેલો હોવાનું માને છે. ડો.પ્રભુદયાલ અગ્નિહોત્રી તેમના પુસ્તક 'પતંજલિ કાલીન ભારત' માં જણાવે છે કે 'અભિનયની સાથે એક વ્યક્તિ કથા પ્રસંગોને જોડતી જતી હતી. જ્યાં કથાવસ્તુ સંવાદો દ્વારા સ્પષ્ટ થતી નહીં ત્યાં એક વાચકરુપે પુસ્તકના જરૂરી અંશો વાંચી જતી'. નાટકના વિભિન્ન પાત્રો દ્વારા અભિનેય કથાવસ્તુના પ્રસંગોને ગ્રથિત કરવાને લીધે-જોડવાને લીધે ગ્રન્થિક નામ આપવામાં આવ્યું.

ગ્રન્થિક ઉપરાંત મહાભાષ્યકારે આરંભક શબ્દના પ્રયોગનો ઉલ્લેખ પણ કર્યો છે. તે નાટ્યપ્રયોગનો પ્રેરક હતો અને તેના નિર્દેશનથીજ પાત્રો રંગમંચ પર અભિનયનો આરંભ કરતાં. શ્રી વાચસ્પતિ ગૈરોલા એ આરંભક ને દિગ્દર્શક, સૂત્રધાર તથા ઉદ્ઘોષકની ત્રિવિધ જવાબદારીઓ અદા કરતો કહયો છે.

મહાભાષ્ય પરથી જણાય[4] છે કે પાત્રો દ્વારા રંગમંચ પર કથાવસ્તુ વિભિન્ન આંગિક હાવભાવ સહિત સસ્વર રજૂ કરવામાં આવતી.

મહાભાષ્યની આટલી સામગ્રીના અભ્યાસથી જણાય[5] છે કે ઇ.સ.પૂર્વે બીજા શતક સુધીમાં રંગમંચ પર નાટકોનો અભિનય પર્યાપ્ત પ્રમાણમાં પ્રચલિત બની ચૂકયો હતો. જો કે પાણિનિના સમયમાં નટનું જે સ્થાન હતું તેના કરતાં પતંજલિના સમયમાં ઉંચું હતું. પાણિનિના સમયમાં નટસૂત્રોને વૈદિક ચરણમાં સ્થાન મળ્યું હતું પણ પતંજલિના સમયમાં નાટ્યવિદ્યાના શિક્ષણનો અભ્યાસના ક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવતો નહિ. નાટ્યવિદ્યાના શિક્ષણ આપનાર નટોના આખ્યાતાને ગુરુ માનવામાં આવતા નહીં.

## વાત્સ્યાયન કૃત કામસૂત્ર

આચાર્ય વાત્સ્યાયન કૃત કામસૂત્રનો રચના સમય ઇ.સ.૩૦૦ માનવામાં આવ્યો છે.

કામસૂત્રના ત્રીજા અધ્યાયના વિદ્યાસમુદ્દેશ નામક ત્રીજા પ્રકરણમાં ૬૪ કલાઓનો નામનિર્દેશ કર્યો છે. આમાંની આઠ જેટલી કલાઓ સંગીત અને નૃત્ય સાથે સંકળાયેલી છે. પહેલી ત્રણ કળાઓ ગીતમ્-ગાવું, વાદ્યમ્-વગાડવું અને નૃત્યમ્-નૃત્ય કરવું એ સાદી સરળ કળાઓ છે જ્યારે અન્ય ત્રણ કળાઓ રંગમંચ અને અભિનય સાથે સંકળાયેલી છે. ૧૬મી કળા નેપથ્ય પ્રયોગા: અર્થાત દેશ, કાલ વિગેરેને યોગ્ય વસ્ત્રો, આભુષણો વગેરેથી પોતાને અથવા બીજાને સજવા- તે નાટ્યશાસ્ત્રના આહાર્ય અભિનયની વધુ નજીક છે. ૩૨ મી કળા નાટકઆખ્યાયિકાદર્શનમ્ અર્થાત નાટક અને આખ્યાયિકાનું પરિજ્ઞાન એ નટ અને નાગરિક ઉભય માટે અનિવાર્ય હોવાનું સૂચવે છે. ૬૪ મી કળા વ્યાયામિકીના વિદ્યાનાં જ્ઞાનમ્ અર્થાત્ વ્યાયામવિદ્યા નર્તકની શરીર પર કાબુ મેળવવાની તેમજ શરીર સૌષ્ઠવ જાળવવા માટે વિવિધ શારીરિક કસરતો તેમજ મહાવરાનું સૂચન કરે છે. આ ઉપરાંત વાદ્યવાદન સાથે સંકળાયેલી ૨૭ મી કળા વીણાડમરુકવાદ્યાનિ - વીણા, ડમરુક વગેરે વાદ્ય વગાડવાંનો ઉલ્લેખ છે. વેશ વાણી વિગેરેના પરિવર્તનથી બીજાને છેતરવા છલિતકયોગા: (૫૭મી કળા) એ અભિનયના એક આવશ્યક અંગ વેષપરિવર્તન-વેશવાણી વર્તનથી પાત્રનું નિરુપણ-નું સૂચન કરે છે. જો કે આ કળાનો ઉલ્લેખ અભિનયકળાના સંદર્ભમાં નથી થયો તે નોંધવું ઘટે.

નાગરક પ્રકરણ માં નૈમિત્તિક કર્મ ગણાવતાં સૌથી પ્રથમ 'ઘટાનિબન્ધન'ને મૂકે છે. ઘટાનો અર્થ ટીકાકાર દેવાનું દૃશ્ય યાત્રા ઘટા એવો કરે છે ~~ઘટાનિબન્ધનમ્~~

તે પછીનાં સૂત્રોમાં તેમાં નાગરિકોએ શું કરવું એનું વર્ણન છે.

પક્ષસ્ય માસસ્ય વા પ્રજ્ઞાતેઽહનિ સરસ્વત્યા ભવને નિયુક્તાનાં નિત્યં સમાજ:॥૨૭॥

પખવાડિયા અથવા માસના (તહેવાર તરીકે) પ્રસિધ્ધ દિવસે સરસ્વતીના ભવનમાં નીમેલાઓનો નિત્ય (એટલેકિયમ પ્રમાણે, ચૂકયા વિના) સમાજ.. આના સંદર્ભમાં ટીકાકાર કહે છે કે નિમેલાઓ એટલે નૃત્ય કરવા કરાવવાને નીમેલા નટો નાગરિકો વગેરે. તેઓનો સમાજ એટલે કે પોતાનું કામ કરવા ભેગા થવું તે કે જે પ્રવૃત્ત થતાં નાગરિકો સામાજિક થાય.

'કામસૂત્ર'માંની આટલી સામગ્રી પરથી ફલિત થાય છે કે તે સમયે મહાનિબન્ધન નામની કળાગોષ્ઠિઓનું આયોજન કરવામાં આવતું અને તેમાં નૃત્ય, ગીત, વાદન તેમજ કાવ્યશાસ્ત્રીય વિષયો પર નાગરિકો ચર્ચા કરતા તેમજ આ ગોષ્ઠિઓમાં દર મહિને અથવા મહિનામાં બે વાર એટલે કે દર પખવાડિયે નક્કી કરેલા તહેવારના દિવસે સરસ્વતીભવનમાં નિમવેલા આવેલા કલાકારો ધ્વારા તેમજ બહારથી બોલાવવામાં આવેલા નટ નર્તકો ધ્વારા વિભિન્ન કળાઓ રજૂ કરવામાં આવતી. આ સભા ગોષ્ઠિઓમાં બહારથી આમંત્રિત નટ-નર્તક ગાયકોને પુરસ્કાર આપી આદર સાથે વિદાય કરવામાં આવતા. કુશીલવાસ્યાગન્તવ: પ્રેક્ષણકમેષાં દધ્યુ: ॥ ૨૮ ॥ બહારથી આવેલા નટનર્તકો એમને પ્રેક્ષણ આપે. આમાંથી જે સુયોગ્ય કલાકારો હોય તેમને કેટલાક દિવસો માટે રોકાઇ જવાનું કહેવામાં આવતું અને અન્ય કલાકારોને યોગ્ય મહેનતાણું આપી વિદાય કરવામાં આવતા. તતો યથાશ્રધ્ધમેષાં દર્શનમુત્સર્ગો વા ॥ ૩૦ ॥

આમ કળાઓ માત્ર ગણિકાઓ સુધી મર્યાદિત નહોતી. નાગરિકો પણ કળાઓમાં ભાગ લેતા. સમાજ અને ગોષ્ઠિ એ બે સામાજિક સંસ્થાઓ હતી જયાં કળા વિષયક ચર્ચા-વિચારણા તેમજ પ્રયોગો રજૂ થતા અને નાગરિકો જોવા આવતા. શ્રી રસિકલાલ છો. પરીખના મતે સમાજનો અર્થ તહેવારના દિવસે સંગીત અને નાટક માટે ભેગા થતા નટો અને નાગરિકોની સભા એવો થાય છે. આ સંબંધથી સમાજનો અર્થ 'રંગભૂમિ' એવો પણ થતો હોવાનું જણાવે છે.

આચાર્ય વાત્સ્યાયને તે કાળના કલારસિક સમાજ ધ્વારા આયોજિત એવી સામાજિક

ગોષ્ઠિઓ - ગોષ્ઠી સમવાય - નો પણ ઉલ્લેખ કર્યો છે જે કોઇ વેશ્યાના ઘરે કે નાટ્યશાળામાં અથવા કોઇ સમાજ બુધ્ધિ-વિદ્યા-શીલ ધરાવનાર મિત્રના ઘરે ગોઠવવામાં આવતી. આ પ્રકારની ગોષ્ઠિઓમાં સંગીત નૃત્યના જલસાનો પણ સમાવેશ થતો. વિભિન્ન ઋતુ ઉત્સવો, ક્રીડા ઉત્સવો અને ખાસ તહેવારોએ નાટ્યની રજુઆત પણ થતી. નાગરકની સાથે સહચરના રુપે વિદૂષકની ખાસ નિમણુંક કરવામાં આવતી કારણ કે તે સંગીત, નૃત્ય વિગેરે લલિતકલાઓ ધ્વારા નાગરકનું મનોરંજન કરતો.

ઉત્તમ પ્રકૃતિના સર્વગુણ સંપન્ન નાયકોની જેમ વેશ્યાઓ પણ રુપ, યૌવન, શ્રી અને માધુર્ય વિગેરે ગુણો ઉપરાંત કાવ્ય અને કળા પરત્વે પણ અભિરુચિ ધરાવતી નૃત્ય અને સંગીત તેમના જીવનનું અનિવાર્ય અંગ હતું. તેમના માટે એવું ફરમાન હતું તેઓ પોતાને ત્યાં આવેલા પ્રેમીજનોનું પાન-પુષ્પ-માળા વિગેરે વડે સત્કાર કરી અને નૃત્ય સંગીત વિગેરેના જલસા યોજી તેમને પ્રસન્ન કરવા.

તામ્બૂલાનિ સ્રજશ્ચૈવ સંસ્કૃત ચાનુલેપનમ્ ।
આગત્યસ્યાહરેત્પ્રીત્યા કલાગોષ્ઠીશ્ચ યોજયેત ॥

કામસુત્રના આ વૈશિક અધિકરણ માં આચાર્ય વાત્સ્યાયને વેશ્યાઓની શ્રેણીઓનું વિભાજન કરતી વેળા ગણિકા નામની વેશ્યાના સંદર્ભમાં જણાવ્યુ છે કે નૃત્ય સંગીત આદિ કળાઓમાં પારંગત હતી અને તેમના વ્યવસાયનું આવશ્યક સાધન હતી. આ સંદર્ભમાં આચાર્ય વાત્સ્યાયને એવી ગાંધર્વશાળાઓનો ઉલ્લેખ પણ કર્યો છે જ્યાં ગણિકાની પુત્રી તથા અન્ય કલાપ્રેમી યુવતીઓને નૃત્ય સંગીતની રીતસરની તાલીમ આપવામાં આવતી.